INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                    તા. ૨૩-૦૯-૨૦૨૩

માનવ સર્જિત આપદાને કારણે નર્મદા પુરમાં થયેલી મોટી તારાજી પછી સરકારના "મંત્રી હોય કે સંત્રી"જન આક્રોશનો ભોગ બની રહ્યા છે. ત્યારે ભોગ બનેલા હજારો અસરગ્રસ્તોને નજીવી સહાય જાહેર કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે આંખે પાટા બાંધી ચાંપલૂસી માટે પાણી છોડવામાં આવ્યું હતું. માનવ સર્જિત આપત્તિને કુદરતી આપત્તિ પ્રસ્થાપિત કરવા ભાજપ સરકાર રોજ નીત નવા વિગતો જાહેર કરી રહી છે. ભરૂચ-નર્મદા-વડોદરા જીલ્લાની આશરે ૭૦ લાખ કરતા વધુ વસ્તીમાં મોટાભાગના વેપારીઓ, ખેડૂતો અને સ્થાનિકોને કરોડોનું નુકસાન થયું છે. નર્મદા-ભરૂચ-વડોદરા સહિતના જીલ્લામાં મોટાપાયે નુકસાન સામે સરકારે "કુટુંબદીઠ કપડા સહાય તરીકે રૂ. 2,500/- અને ઘરવખરી સહાય તરીકે રૂ. 2,500/- એટલે કે કુલ રૂ. 5,000/- તેમજ રાજ્ય સરકારના બજેટમાંથી રૂ. 2,000/- મળી કુલ રૂ. 7,000/- (કુટુંબદીઠ) કપડા અને ઘરવખરી" માટેની નજીવી જાહેરાત કરી છે જે પૂરગ્રસ્ત લોકોની સૌથી મોટી મશ્કરી સમાન છે. 3,500/- માં આખા પરિવારના કપડા અને 3500/- માં ઘરવખરી ક્યાં મળે ? તે ભાજપ સરકાર જણાવે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલએ તાત્કાલિક પુર ગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પ્રતિનિધિ મંડળને મોકલ્યું હતું. કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે જાત તપાસ કરતા મકાન, ઘરવખરી, દુકાન, ધંધાઉધોગ, ખેતી,પશુધનને ખુબ મોટું નુકશાન થયું છે. જ્યાં પાણી ઓસર્યા છે ત્યાં કાદવ કીચડ અને ગંદકીને કારણે રોગચાળો ફાટી નીકળે તેવી પરિસ્થિતિ છે. કહેવાતી સંવેદનશીલ ભાજપ સરકારમાં માનવતા પણ પૂરમાં વહી ગઈ છે ત્યારે ભાજપ સરકારે માનવીય અભિગમ,સંવેદનશીલ વ્યવહાર રાખીને નુકસાન માટેનું વળતર ચુકવવા ને બદલે નજીવી રકમ જાહેર કરીને વધુ એક વાર મજાક કરી છે. પ્રધાનમંત્રીશ્રીના જન્મદિવસનો તાયફો ગુજરાતને કરોડોમાં પડ્યો છે. ભાજપ સરકારમાં ઉભી થયેલી માનવસર્જિત પુરના પાપ પર મલમ લગાવવા માટેના પેકેજ હજારો અસરગ્રસ્તોની મશ્કરી સમાન છે. ભાજપના સંત્રી-મંત્રી વિસ્તારોમાં મુલાકાતે જઈ શકતા નથી સ્થાનિક લોકોના આક્રોશને કેમ કરીને બંધ કરવા તે માટે જેમતેમ કરીને પેકેજની જાહેરાત કરવામાં આવી છે. **પુનઃવસન ના થાય ત્યાં સુધી સરકારી જાહેર કાર્યક્રમો બંધ કરી તેના રૂપિયા અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરીમાં ઉપયોગ કરવામાં આવે** તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે. પુર

અસરગ્રસ્ત લોકો માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી સંદીપ માંગરોલા અને શેરખાન પઠાણ સહીત સ્થાનિક આગેવાનો દ્વારા સતત ધરણા-પ્રદર્શન અને અનશન કરી રહ્યા છે.

ભરૂચ, નર્મદા અને વડોદરામાં 'માનવસર્જિત આપદામાં મોટાપાયે ખેતીને નુકસાન થયું છે. મોટાભાગાની જમીનનું ધોવાણ થયું છે. આ **ત્રણ જીલ્લામાં સીમાંત ૧,૭૧,૬૨૧ નાના ૧,૧૫,૬૪૬, અર્ધ મધ્યમ ૮૨,૬૬૭, મધ્યમ,૪૫,૩૭૨ એટલે કે ૪ લાખ કરતા વધુ ખેડૂતોમાંથી મોટાભાગના ભોગ બન્યા હોય ત્યારે ખેડૂત-ખેતીને પુનઃસ્થાપિત કરવા રાજ્ય સરકારએ જાહેર કરેલ સહાય મજાક સમાન** છે. વારંવાર કુદરતી આપદામાં આર્થિક બોજમાં દબાયેલા ખેડૂતો માનવ સર્જિત નર્મદા પુર બાદ સંપૂર્ણ રીતે આર્થિક દેવામાં ધકેલાઈ ગયા છે. અસરગ્રસ્ત લોકોને તબાહીમાં હજુ સુધી કોઈ સરકારી સહાય હજુ મળી ન હોવા ,અંગે સ્થાનિક લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ગુજરાતના ભવિષ્ય એવા બાળકોના શિક્ષણને પણ મોટું નુકશાન થયું છે. વેપારીઓના માલસામાન સંપૂણપણે નાશ પામ્યા છે. મોટા ભાગના વિસ્તારમા કેળ અને શાકભાજીનો પાક છે. શાકભાજીને પણ બાગાયતની માફક વળતર ચૂકવવુ જોઇએ, બે હેક્ટરની મર્યાદા રદ કરી ૮-અમાં જણાવેલ તમામ જમીન માટે વળતર ચૂકવવું જોઇએ. ગામડાઓમાં ગ્રામસેવક નો અભાવ છે તલાટી સર્વે કરવા શક્તિમાન નથી ત્યારે ડ્રોન સર્વે અથવા સેટેલાઇટ સર્વેના આધારે તમામ પાણી ભરાયેલ વિસ્તારોના ખેડૂતોને 33 ટકા ની મર્યાદા રદ કરી તમામ નુકસાન ગણી વળતર ચૂકવવું જોઇએ તેવી કોંગ્રેસ પક્ષએ માંગ કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા